# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-02-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1) સ્થાનિક સ્વરાજની ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં 68 નગરપાલિકાઓમાંથી ભાજપનો 65, સમાજવાદી પાર્ટીનો 2, અને કોંગ્રેસનો એક નગરપાલિકામાં વિજયનો દાવો.
2) જૂનાગઢ મહાનગરપાલિકા સહિત રાજ્યની 65 નગરપાલિકામાં ભાજપનો જીતનો દાવો
3) ભાજપ પ્રદેશ અધ્યક્ષે સી.આર. પાટીલે જનાદેશને મતદારોનો વિજય ગણાવ્યો. -- કોંગ્રેસે મતદારોના ચુકાદાને સ્વીકાર્યો.
4) વિધાનસભાના બજેટ સત્રનો આવતીકાલથી આરંભ થશે. ગુરુવારે ગૃહમાં અંદાજપત્ર રજૂ થશે
5) ચણા અને રાયડાની ટેકાનાં ભાવે ખરીદી માટે ઓનલાઇન નોંધણી આજથી શરૂ.
6) વડોદરામાં રમાઇ રહેલી વુમન પ્રિમિયર લીગની મેચમાં આજે ગુજરાતનો મુંબઈ સામે મુકાબલો.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# LOCAL BODY ELECTION RESULSTS- 1

રાજ્યની સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની 16 ફેબ્રુઆરીએ યોજાયેલી ચુંટણીમાં ભાજપને ફરી એક વખત મોટી જીત મળી છે. જૂનાગઢ મહાનગરપાલિકા , 66 નગર પાલિકા અને ત્રણ તાલુકા પંચાયતોની સામાન્ય અને તાલુકા તેમજ જીલ્લા પંચાયતોની પેટા ચૂંટણી માટે આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતગણતરી યોજાઇ. અત્યાર સુધી જાહેર થયેલા પરિણામો મુજબ , જુનાગઢ મહાનગર પાલિકા સહિત 66 માંથી 65 જેટલી નગરપાલિકાઓમાં ભાજપે વિજય મેળવ્યો હોવાનો દાવો કર્યો છે. જ્યારે કોંગ્રેસે એક અને સમાજવાદી પાર્ટીએ બે નગરપાલિકા જીતી હોવાનો દાવો કર્યો છે. જીત બાદ ગાંધીનગરમાં પત્રકારોને સંબોધતા ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે આ જનાદેશને મતદારોનો વિજય ગણાવ્યો છે.

(બાઇટ -- સી. આર. પાટીલ)

કોંગ્રેસના પરાજય બાદ ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે કહ્યું હતું કે આ પરિણામોથી અમે નિરાશ થયા નથી..

(બાઇટ -શક્તિસિંહ ગોહિલ )

ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની 2 હજારથી વધુ બેઠકોમાંથી 213 બેઠકો અગાઉ જ બિનહરીફ જાહેર થતાં 5 હજાર 84 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા. ત્યારે

જૂનાગઢ મહાનગરપાલિકામાં ભાજપ ફરી સત્તાના સૂત્રો સંભાળશે. આજે જાહેર થયેલા પરિણામમાં 60 બેઠકોમાંથી ભાજપને ફાળે 48 કોંગ્રેસને એક જ્યારે અપક્ષ ઉમેદવારનો એક બેઠક પર વિજય થયો છે....1

# LOCAL BODY ELECTION RESULSTS- 2

રાજ્યની 68 માંથી 65 મહાનગરપાલિકામાં ભાજપે વિજયનો દાવો કર્યો છે. જ્યારે પોરબંદરની કુતિયાણામાં સમાજવાદી પાર્ટી અને છોટાઉદેપુરમાં ભાજપ સહિતના કોઇપણ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી ન હતી. આ ઉપરાંત ધોરાજી નગરપાલિકા કોંગ્રેસે ગૂમાવી છે.

મધ્ય ગુજરાતના મહીસાગર જિલ્લાના અમારા પ્રતિનિધિ કૌશિક જોશી અહેવાલ આપ્યો હતો કે લુણાવાડા, સંતરામપુર , બાલાસિનોર નગરપાલિકા સહિત ખાનપુર તાલુકાની કનોડ તાલુકા પંચાયતમાં ભાજપનો વિજય થયો છે. સંતરામપુર નગર પાલિકા માં ૨૪ ઉમેદવારો માંથી ૧૫ ઉમેદવારોમાં ભાજપની જીત થતાં શિક્ષણમંત્રી ડોક્ટર કુબેર ડિંડોર એ મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

(બાઇટ- ડો.કુબેર ડિંડોર, શિક્ષણ મંત્રી)

છોટાઉદેપુર નગર પાલિકામાં કોઇ પણ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી નથી 28 બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપાને આઠ , કોંગ્રસને એક, અપક્ષને ચાર તેમજ સર્વ સમાજ પાર્ટી અને બીએસપીને ચાર-ચાર બેઠક મળી છે જ્યારે સમાજવાદી પાર્ટીને ફાળે છ બેઠક ગઇ હોવાનું અમારા છોટાઉદપુરના પ્રતિનિધિ જણાવી રહ્યાં છે.

(વોઇસ કાસ્ટ – રાજેશ રાઠવા)

જિલ્લામાં ખેડા ,મહેમદાવાદ,મહુધા,ચકલાસી, ડાકોર નગરપાલિકાના કુલ 36 વોર્ડની 136 બેઠકોની સામાન્ય ચૂંટણી તથા કપડવંજ પાલિકાની કુલ બે વોર્ડની બે બેઠકોની પેટા ચૂંટણી યોજાઈ હતી .પાંચ નગરપાલિકા અને બે તાલુકા પંચાયતોની ચૂંટણીના પરિણામોમાં ભાજપની જીત થઇ હોવાનું ખેડાના અમારા પ્રતિનિધિ જનક જાગીરદાર જણાવે છે.....2

# LOCAL BODY ELECTION RESULSTS- 3

સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાની થાનગઢ નગરપાલિકા તેમજ લીંબડી અને ધ્રાંગધ્રા નગરપાલિકાની પેટા ચૂંટણી , તાલુકા પંચાયતની પેટા ચૂંટણી માં ભાજપનો વિજય થયેલો છે આ અંગેની માહિતી આપે છે અમારા સુરન્દ્રનગરના પ્રતિનિધિ દિનેશ પરમાર..

(વોઇસ કાસ્ટ -- દિનેશ પરમાર )

ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે ગારીયાધાર, તળાજા અને સિહોર નગરપાલિકાઓમાં પણ ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી લીધી છે..જ્યારે ભાવનગર મહાનગર પાલિકાની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર અમરશી ચુડાસમાનો વિજય થયો હતો.

જામનગરથી અમારા પ્રતિનિધિ જગત રાવલ અહેવાલ આપે છે કે જામનગરના ધ્રોલ નગરપાલિકા ની ૨૪ બેઠકો પૈકી ૧૫ બેઠક પર ભાજપ , ૮ બેઠક પર કોંગ્રેસ અને ૧ બેઠક પર અપક્ષના ઉમેદવારનો વિજય થયો હતો.. જામજોધપુર નગરપાલિકામાં ૨૮ બેઠકો પૈકી ૨૭ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોનો અને એક બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવારની જીત થઇ હતી.

પોરબંદર જિલ્લાના રાણાવાવ નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીની ટીમને 28 સીટમાંથી 20 સીટમાં વિજય મળતા સતત ત્રીજી વખત કાંધલ જાડેજાની સમાજવાદી પાર્ટીની ટીમનો ત્રીજી વખત વિજય થયો છે. જયારે કુતિયાણામાં પણ સમાજવાદી પાર્ટીની ટીમને 24 માંથી 14 સીટ પર વિજય મળતા કુતિયાણા નગરપાલિકા પર પણ સમાજવાદી પાર્ટીનું શાસન આવશે તેમ પોરબંદરના અમારા પ્રતિનિધિ મહેશ લુક્કાએ અહેવાલ આપ્યો હતો...3

(વાઇસ કાસ્ટ -મહેશ લુક્કા)

# LOCAL BODY ELECTION RESULSTS- 4

કચ્છ જીલ્લામાં પણ ભાજપ અગ્રેસર રહ્યો છે ભચાઉ અને રાપર નગરપાલિકા પર ભાજપે કબજો કરી લીધો છે

જ્યારે માંડવી,મુન્દ્રા અને ભચાઉની તાલુકા પંચાયતની 3 બેઠક પર ભાજપનો વિજય થયો હોવાનું અમારા કચ્છના પ્રતિનિધિ હેમાંગ પટ્ટણીએ જણાવ્યું હતું..

દક્ષિણ ગુજરાતમાં ભરૂચના હાંસોટ તાલુકા પંચાયતની પંડવાઈ બેઠક પર કોંગેસના ધવલ પટેલની જીત થઇ હતી.. પંચાયતની આછોદ બેઠક પર ભાજપના ઉમેદવારનો વિજય થયો હતો .જંબુસર નગરપાલિકા વોર્ડ નંબર એકના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારનો વિજય થયો હતો.

બીલીમોરા નગરપાલિકાની ચૂંટણીમાં 33 બેઠકોમાંથી 27 પર વિજય મેળવીને ભારતીય જનતા પાર્ટીએ સત્તા જાળવી રાખી છે.

તાપીના સોનગઢ નગર પાલિકા પર ફરી ભાજપે કબજો જમાવ્યો છે... તાપી જિલ્લામાં તાલુકા પંચાયતની. પેટા ચૂંટણીમાં નિઝરની શાલે અને કૂકરમુંડાની ફૂલવાડી બેઠક પર ભાજપની જીત થઇ હોવાનું તાપીના અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે..ડાંગના કડમાળમાં પણ ભાજપની જીત થઇ હોવાનું અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે.

ઉત્તર ગુજરાતની વાત કરીએ તો મહેસાણા જીલ્લાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જાણાવે છે કે ખેરાલુ નગરપાલિકા માં 13 બેઠકો ભાજપ, બે બેઠકો કોંગ્રેસ અને 2 અપક્ષને ફાળે ગઇ છે....4

# LOCAL BODY ELECTION RESULSTS- 5

અમદાવાદ જીલ્લાની સાણંદ , બાવળા અને ધંધૂકાની નગરપાલિકાની ચૂંટણીમાં પણ ભાજપનો વિજય થયો છે. જ્યારે તાલુકા પંચાયતની બે અને જીલ્લા પંચાયતની ચાર બેઠકો અને ઘાટલોડીયા વોર્ડની મહાનગર પાલિકાની પેટાચૂંટણીમાં પણ ભાજપનો વિજય થયો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વતન વડનગરમાં નગરપાલિકામાં 26માં ભાજપ , કોંગ્રેસને બે બેઠક મળી છે. તેમજ 9 તાલુકા પંચાયત બેઠકોમાં તમામ બેઠકો ભાજપએ કબજે કરી અને જિલ્લા પંચાયત 1 બેઠક માં પણ ભાજપે જીત મેળવી છે.

પાટણ જિલ્લામાં રાધનપુર, હારીજ અને ચાણસ્મા એમ ત્રણ નગરપાલિકા ત્રણેય નગરપાલિકામાં ભાજપે સત્તા કબજે કરી હોવાનું અમારા પાટણના પ્રતિનિધિ રમેશ સોલંકીએ અહેવાલ આપ્યો હતો.કડી તાલુકા પંચાયત અગોલ બેઠક ભાજપે જીતી છે.

અરવલ્લી જિલ્લાની માલપુર તાલુકા અને બાયડ તાલુકામાં પેટા ચૂંટણીમાં ભાજપી બે મહિલાઓ ઉમેદાવારોએ બાજી મારી હોવાનું અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણે જણાવ્યું છે.

. . . . . . . . . . . . .

# ASSEMBLY BUDGET SESSION

આવતીકાલથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થઈ રહ્યું છે. પ્રથમ દિવસે રાજ્યપાલના સંબોધનથી સત્રની શરૂઆત થશે , જ્યારે ૨૦ ફેબ્રુઆરીએ નાણામંત્રી કનુભાઈ દેસાઇ વર્ષ ૨૦૨૫-૨૬ નું અંદાજપત્ર રજૂ કરશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# RAYDA - CHANA KHARIDI

રાજ્ય સરકાર દ્વારા ચણા અને રાયડાનાં ટેકાનાં ભાવે ખરીદી માટે આજથી નોંધણી શરૂ કરાઈ છે. ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે VCE મારફતે નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર વિના મૂલ્યે ઓનલાઇન નોંધણી નવમી માર્ચ સુધી કરી શકાશે . આ માટે 14 માર્ચથી રાજ્યના તમામ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ચણા અને રાયડાની ખરીદી કરવામાં આવશે.ખેડૂતોને ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી કૃષિ મંત્રી રાઘવજી પટેલ દ્વારા ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી અંગેનું આયોજન કરાયું છે. જેમાં 2024-25ના વર્ષ માં ચણાના પાક માટે 5 હજાર 650 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ અને રાયડાના પાક માટે 5 હજાર 950 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . .

# WPL

મહિલા ક્રિકેટ પ્રિમિયર લીગની પાંચમી મેચ આજે વડોદરામાં ગુજરાત જાયન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રમાશે. મેચ સાડા સાત વાગે શરૂ થશે.

મુંબઈ ઈન્ડિયન્સની ટીમે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો છે.

અગાઉ 15 ફેબ્રુઆરીએ મુંબઈ ઈન્ડિયન્સ દિલ્હી કૅપિટલ્સ સામેની મેચમાં 2 વિકેટથી હારી ગયું હતું. પહેલા બેટિંગ કરતાં મુંબઈ ઈન્ડિયન્સે દિલ્હી કૅપિટલ્સને 165 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જ્યારે દિલ્હી કૅપિટલ્સે સરળતાથી આ લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધો હતો. જ્યારે ગઈકાલે વડોદરામાં WPLની મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ દિલ્હી કૅપિટલ્સને આઠ વિકેટથી પરાજય આપ્યો હતો..

. . . . . . . . . . . . .